

મગરનો ઈતિહાસ ન ધરાવતા સુરતની તાપી નદીમાં જે રીતે મગર દેખાઈ રહ્યા છે તે જોખમી...

# તાપીમાં મગરને પકડવા રેસ્ક્યુ કિટ

**કોઝવે** નજીક મગર દેખાયાની વાત વહેતી થતાં તંત્ર દોડતું થયું

**૨૦૦૬ના** વિનાશક પૂર બાદ તાપી નદીમાં એકલદોકલ મગર જોવા મળ્યાના બનાવો નોંધાયા હતા

સુરતઃ સુરત શહેરમાંથી પસાર થતી તાપી નદીમાં છેલ્લા કેટલાક સમયથી મગર જોવા મળ્યાની ઘટનાઓમાં વધારો થતાં વન વિભાગ હવે વધુ સજ્જ બન્યો છે. અગાઉ સુરતમાં મગર જોવા મળ્યા હોય તેવો કોઈ ખાસ ઈતિહાસ નહોતો. જોકે, વર્ષ-૨૦૦૬ના વિનાશક પૂર બાદ તાપી નદીમાં એકલદોકલ મગર જોવા મળ્યાના બનાવો નોંધાયા હતા. શનિવારે ફરી તાપી નદીના કોઝવે આસપાસ મગર હોવાની વાત વહેતી થતાં વન વિભાગ સક્રિય બન્યો હતો. મગરની હાજરીની માહિતી મળ્યા બાદ તેને શોધવા અને જરૂર પડે તો પકડીને સલામત સ્થળે ખસેડવા માટે ટીમને તૈયાર રાખવામાં આવી છે. સુરતમાં અગાઉ મગરની નિયમિત હાજરીનો ઈતિહાસ ન હોવાથી વન વિભાગ પાસે મગરને પકડવા માટેનાં વિશેષ સાધનો ઉપલબ્ધ નહોતાં. જોકે, હવે વન વિભાગે જરૂરી સાધનો વસાવી લીધાં છે. મગરને નિયંત્રિત કરવા માટે મજબૂત કેપ્ચર લૂપ/કેચ પોલ, વિશેષ ટ્રેપ અથવા કેજ, મજબૂત દોરડા અને હાર્નેસ, નેટ સહિતનાં નિયંત્રણ સાધનો વસાવવામાં આવ્યાં છે. ઉપરાંત મગરને સુરક્ષિત રીતે કાબૂમાં લેવા માટે આંખ ઢાંકવાનું સુરક્ષિત કવર, યોગ્ય રેસ્ટ્રેઈનિંગ સાધનો તેમજ ગ્લવ્સ, બૂટ અને હેલ્મેટ સહિતના PPE અને અન્ય સુરક્ષા સાધનો પણ તૈયાર રાખવામાં આવ્યાં છે.

### ગયા મહિને માછીમારની જાળમાં મગર ફસાયો હતો

ગયા મહિને તાપી નદીમાં માછીમારો દ્વારા નાંખવામાં આવેલી જાળમાં મગર ફસાઈ જતાં તંત્રનું ધ્યાન ફરી આ તરફ ખેંચાયું હતું. આ ઘટના બાદ તાપી નદીમાં મગરની હાજરીની શક્યતા વધુ મજબૂત બની હતી. ત્યારબાદ પણ નદીના અલગ-અલગ વિસ્તારોમાંથી મગર જોવા મળ્યાની માહિતી અને વિડીયો સામે આવતા રહ્યા છે.

### વર્ષ-2006 પૂર પછીથી આજદિન સુધી પકડાયેલા મગરનો માહિતી

| વિસ્તાર | સંખ્યા | કદ (ફૂટ) |
|---|---|---|
| વરિયાવ તળાવ | 2 | 4ft , 3.5ft |
| અમરોલી ખાડી | 1 | 4.5 ft |
| છાપરાભાઠા ખાડી | 1 | 3.5 ft |
| વાલક ખાડી | 2 | 5 ft, 4ft |
| સરથાણા ડ્રેનેજ | 1 | 6.5 ft+ |
| લસકાણા ગામ રિવર | 1 | 5 ft+ |
| મોટા વરાછા પાળો | 1 | 3.5ft |
| અબ્રામા-અમરોલી | 1 | 1 ft+ |

### માછીમારો અને નદી કાંઠાના લોકોને સાવચેત રહેવા માટે વનવિભાગની અપીલ

વન વિભાગે તાપી નદીમાં માછીમારી કરતા માછીમારો તેમજ નદી કાંઠે વસતા અને અવરજવર કરતા લોકોને સાવચેત રહેવાની અપીલ કરી છે. મગર દેખાય તો તેની નજીક જવાની કે તેને પકડવાનો પ્રયાસ કરવાની જગ્યાએ તાત્કાલિક વન વિભાગને જાણ કરવા જણાવાયું છે. મગર કયા સ્થળે, કયા સમયે અને કઈ દિશામાં જોવા મળ્યો તેની ચોક્કસ માહિતી મળે તો રેસ્ક્યુ ટીમ માટે તેને ટ્રેક કરી પકડવાની કામગીરી વધુ સરળ બની શકે છે.

### ક્વીક રિસ્પોન્સ ટીમ પણ તૈયાર

મગર અંગેની માહિતી મળતાં તાત્કાલિક સ્થળ પર પહોંચી શકાય તે માટે વન વિભાગે ક્વીક રિસ્પોન્સ ટીમ પણ તૈયાર રાખી છે. મગર દેખાય ત્યારે તે ફરીથી પાણીમાં ઊતરી જાય તે પહેલાં તેની હિલચાલ પર નજર રાખી તેને નિયંત્રિત કરી શકાય તે માટે ટીમને સજ્જ રાખવામાં આવી છે.

### મગર ફરી પાણીમાં ઊતરી જાય તો શોધવો મુશ્કેલ

વન વિભાગ માટે સૌથી મોટો પડકાર એ છે કે મગરને જોવામાં આવે અને તાત્કાલિક તેની ચોક્કસ લોકેશનની જાણ ન થાય તો તે ફરી તાપીના પાણીમાં ઊતરી જાય છે. પાણીમાં ગયા બાદ તે લાંબા સમય સુધી સપાટી પર ન આવતાં તેને શોધવું મુશ્કેલ બની જાય છે. તેથી મગર દેખાય એ સમયે જ તેની ચોક્કસ માહિતી વન વિભાગ સુધી પહોંચે એ અત્યંત મહત્ત્વનું છે.

# સુરતની સુગર ફેક્ટરીઓમાં મેન્ડેટ પ્રથા સામે ખેડૂતોમાં ભારે આક્રોશ

**ભાજપ** મેન્ડેટ આપીને પોતાની રીતે પસંદગી કરવાની પેરવીમાં હોવાનો ખેડૂતોનો આક્ષેપ



બારડોલીઃ સુરત જિલ્લામાં સહકારી સુગર મંડળીઓમાં પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી માટે રાજકીય પક્ષો દ્વારા આપવામાં આવતા મેન્ડેટનો ખેડૂતો સખત વિરોધ કરી રહ્યા છે. સહકારી ક્ષેત્રમાં રાજકીય હસ્તક્ષેપ વધતો હોવાના આક્ષેપ સાથે ખેડૂતો હવે લડતના માર્ગે આગળ વધ્યા છે. ખાસ કરીને સાયણ સુગર અને બારડોલી સુગર ફેક્ટરીના ખેડૂતોમાં આ મેન્ડેટ નીતિને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સાયણ સુગર મિલમાં તાજેતરમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. જોકે, સાયણ સુગરમાં પરિણામ આવ્યાના ૧૮ દિવસ અને બારડોલી સુગરમાં પણ 11 દિવસ વીતી જવા છતાં હજુ સુધી હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી નથી. ખેડૂતોનો આક્ષેપ છે કે ભાજપ મેન્ડેટ આપીને પોતાની રીતે પસંદગી કરવાની પેરવીમાં છે. બીજી તરફ આ વિરોધ માત્ર સાયણ પૂરતો સીમિત રહ્યો નથી. બારડોલી સુગર ફેક્ટરી સાથે સંકળાયેલા ખેડૂતોમાં પણ આ પ્રકારની મેન્ડેટ પ્રથા સામે અસંતોષ ભભૂકી રહ્યો છે. ખેડૂતો સ્પષ્ટપણે માની રહ્યા છે કે સહકારી સંસ્થાઓનું સંચાલન માત્ર ચુંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા જ થવું જોઈએ અને તેમાં પક્ષીય રાજકારણ ન હોવું જોઈએ.

### આગામી રણનીતિ અને વિરોધ પ્રદર્શન

બારડોલી, સાયણઃ મેન્ડેટની પદ્ધતિ સામે ખેડૂતોએ એકમત થઈને વિરોધ નોંધાવવાનું નક્કી કર્યું છે. ખેડૂત આગેવાનોએ લડતની રણનીતિ તૈયાર કરવા માટે એક મહત્ત્વની બેઠક યોજી હતી. આ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ ખેડૂતો સાયણ સુગર ખાતે વિરોધ પ્રદર્શન કરશે. સાયણ સુગર ફેક્ટરીની ચૂંટણીની મત ગણતરીને ૧૮ દિવસ વીતી ગયા હોવા છતાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી નહીં થતાં સહકારી ક્ષેત્રમાં મામલો ગરમાયો છે. ગત ૧૧ ઓગસ્ટે મતગણતરી પૂર્ણ થઈ હતી, પરંતુ ૨૯ ઓગસ્ટ સુધી પ્રમુખ-ઉપપ્રમુખની વરણી થઈ નથી. ત્યારે આવનારી તા.૧લી સપ્ટેમ્બરે મંગળવારે બપોરે ૩ કલાકે ખેડૂતો મોટી સંખ્યામાં એકત્ર થઈ મેન્ડેટ પ્રથાનો વિરોધ નોંધાવશે. નોંધનીય છે કે, ચૂંટણીમાં સહકાર પેનલ અને પરિવર્તન પેનલ વચ્ચે સીધો મુકાબલો થયો હતો. ચૂંટણી બાદ હવે ભાજપની મેન્ડેટ પ્રથાને લઈને પ્રમુખ-ઉપપ્રમુખની વરણીનો મામલો ઘોંચમાં પડ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સાયણ સુગર કેમ્પસ ખાતે સમગ્ર સુરત જિલ્લામાંથી ખેડૂતો અને સહકારી ક્ષેત્રના આગેવાનો એકત્ર થવાના છે. આ કાર્યક્રમમાં સહકારી સંસ્થાઓમાં પક્ષીય મેન્ડેટ પ્રથાનો વિરોધ કરવાની સાથે સાયણ સુગરમાં તાત્કાલિક પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવાની માંગ પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશ પટેલ, સહકારી અને ખેડૂત આગેવાન દર્શન નાયક, સુમુલ ડેરીના પૂર્વ ડિરેક્ટર જયેશ પટેલ તેમજ જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ ઘનશ્યામસિંહ મહીડા, સિદ્ધાર્થ પટેલ સહિતના આગેવાનો આગેવાની લેશે.

### ખેડૂતોની મુખ્ય માંગણીઓ

૧. સાયણ સુગર ફેક્ટરીમાં પ્રમુખ સહિતની તમામ નિયુક્તિઓ ફક્ત ચુંટાયેલા ડિરેક્ટરો દ્વારા જ થવી જોઈએ.
૨. ભાજપે સહકારી મંડળીઓમાં રાજકારણ રમવાનું બંધ કરવું જોઈએ.
૩. પક્ષ દ્વારા મેન્ડેટ આપીને કરવામાં આવતી કોઈપણ પ્રકારની જોહુકમી ખેડૂતો દ્વારા ચલાવી લેવામાં આવશે નહીં.
૪. ખેડૂતો માટે સહકારી મંડળી સર્વોપરી છે અને તેના અસ્તિત્વને ટકાવી રાખવા તેઓ સઘન લડત ચલાવશે.
૫. આ આંદોલન માત્ર સુરત જિલ્લા પૂરતું સીમિત ન રાખતાં આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં લડત ચલાવવામાં આવશે.

# બાળકીને દુખાવો થતાં આધેડ નરાધમની કરતૂત બહાર આવી

**અમરોલીમાં** રમતી માસૂમને ચોકલેટની લાલચ આપી હવસનો શિકાર બનાવવાનો પ્રયાસ

સુરતઃ અમરોલી સ્થિત ઈન્ડસ્ટ્રીઝમાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના શ્રમજીવી પરિવારની ૪ વર્ષીય બાળકી સાથે પડોશમાં જ રહેતા આધેડે શારીરિક અડપલાં કરી નરાધમતા આચરી હોવાની શરમજનક ઘટના સામે આવી છે. બાળકીને ગુપ્ત ભાગે દુખાવો થતાં સમગ્ર કરતૂતનો પર્દાફાશ થયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અમરોલી વિસ્તારમાં રહેતો અને મૂળ ઓરિસાનો વતની ૫૬ વર્ષીય ગોલા ઉર્ફે ગોપી જાટીયા પ્રધાન મજૂરી કામ કરી એકલો રહે છે. ચાર દિવસ પહેલાં રમી રહેલી ૪ વર્ષની માસૂમ બાળકી પર તેની દાનત બગડી હતી. નરાધમ ગોલાએ બાળકીને ચોકલેટ લઈ આપવાની લાલચ આપી પોતાની પાસે બોલાવી હતી અને તેની સાથે શારીરિક અડપલાં કર્યા હતા. જે-તે સમયે ગભરાયેલી બાળકી ઘરે જતી રહી હતી. બનાવના બીજા દિવસે બાળકીએ તેની માતાને ગુપ્ત ભાગે દુખાવો થતો હોવાનું જણાવ્યું હતું. બાળકીએ બોતડા અવાજે જણાવ્યું હતું કે, 'અંકલ ગોલા જાટીયાપ્રધાને ચડ્ડી ઉતારીને હાથ લગાડ્યો હતો, ત્યારથી દર્દ થાય છે.' આ વાત સાંભળી માતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પરિવારે તુરંત અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે બાળકીનું કાઉન્સિલિંગ કરાવી ઘટનાની ગંભીરતા સમજી તુરંત જ ગુનો દાખલ કર્યો હતો. હવસખોર આધેડ ગોલા ઉર્ફે ગોપી પ્રધાન વિરુદ્ધ બળાત્કાર અને પોક્સો (POCSO)ની કલમો હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

### હનુમાનજીની ૨૧ ફૂટ લાંબી અષ્ટધાતુની ગદા સુરત પહોંચી



■ કંચન સેવા સંસ્થાન, ઉદયપુરના ઉપક્રમે હનુમાનજી મહારાજની ૨૧ ફૂટ લાંબી અષ્ટધાતુની પવિત્ર ગદા સાથે દેશભરમાં ગદા યાત્રા યોજાઈ રહી છે. તા. ૨૮ ઓગસ્ટે આ યાત્રા સુરત પહોંચી હતી, જ્યાં રામપુરા-કતારગામ, ગોપીપુરા, અડાજણ, તુર્કીવાદ, ભાગળ ઉપરાંત અમરોલી લંકા વિજય હનુમાન મંદિર સહિતના સહિતના વિવિધ મંદિરોમાં ગદાનું શ્રદ્ધાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. **(તસવીરઃ સતીષ જાદવ)**

# સુરતમાં આજે NEET-PGની પરીક્ષા યોજાશે

**દરેક** વિદ્યાર્થીએ 210 મિનિટમાં પ્રશ્નપત્ર ઉકેલવાનું રહેશે

સુરતઃ સુરત સહિત દેશભરમાં મેડિકલ સ્નાતકો માટે NEET-PG 2026ની પરીક્ષા આવતીકાલે, 30 ઓગસ્ટે યોજાશે. નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઈન મેડિકલ સાયન્સિસ (NBEMS) દ્વારા કોમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ (CBT) મોડમાં લેવાતી આ પરીક્ષામાં આ વખતે પ્રશ્નોની સંખ્યામાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ 200 પ્રશ્નો પૂછાતા હતા, જ્યારે હવે ઉમેદવારોએ 180 પ્રશ્નના જવાબ આપવાના રહેશે. પરીક્ષા પહેલાં એડમિટ કાર્ડમાં દર્શાવેલી પરીક્ષાની તારીખ, સમય, રિપોર્ટિંગ ટાઈમ અને પરીક્ષા કેન્દ્રનું સરનામું ચકાસી લેવાની સલાહ આપવામાં આવી છે. પરીક્ષા કેન્દ્ર પર પ્રવેશ માટે એડમિટ કાર્ડ ઉપરાંત માન્ય ઓરિજિનલ ફોટો આઈડી પ્રૂફ સાથે રાખવું ફરજિયાત રહેશે.

# ભુજ સ્પેશિયલ ટ્રેનમાં દારૂ મૂકી બે મહિલા બુટલેગર ફરાર

**વાપી** સ્ટેશન પર મુસાફરોએ જે બે મહિલા બુટલેગરોના વિડીયો રેકોર્ડ કર્યા હતા તે ક્યાં ગાયબ થઈ ગઈ?

**મહિલાઓ** ટોઈલેટ કોરિડોરમાં 192 બોટલ દારૂ છોડીને ભાગી

સુરતઃ ભાવનગરમાં લઠ્ઠાકાંડ બાદ પણ સુરત રેલવે પોલીસ ઊંઘમાંથી જાગી નહીં હોવાનું ચિત્ર ઉપસ્યું છે. બે દિવસ પહેલાં બાંદ્રા ટર્મિનસ-ભૂજ સ્પેશિયલ ટ્રેનના થર્ડ એસી કોચના બાથરૂમ પાસેથી 17 પેટી ઈંગ્લિશ દારૂની બોટલો પકડાઈ હતી. મુસાફરોની સતર્કતા અને ટીટીઈએ આ દારૂનો જથ્થો પકડી સુરત રેલવે પોલીસે સોંપ્યો હતો. આ કેસમાં મુસાફરોએ ત્રણ બુટલેગરને પકડ્યા હતા. જોકે, પોલીસ હજુ સુધી બે ફરાર મહિલા બુટલેગરોને પકડી શકી નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગઈ તા. 27 ઓગસ્ટે વાપીથી સુરત લાવવા માટે ઈંગ્લિશ દારૂની બોટલો બેગોમાં ભરીને બાન્દ્રા ટર્મિનસ ભૂજ ટ્રેનમાં ચઢાવવામાં આવ્યો હતો. થર્ડ એસી કોચના બાથરૂમના પેસેજમાં જ દારૂ ભરેલી બેગો મુકવામાં આવી હતી. બુટલેગરોએ આવવા જવાનો રસ્તો પણ પેક કરી દીધો હતો, તેથી મુસાફરો અકળાયા હતા અને ટીટીઈને ફરિયાદ કરી હતી. બુટલેગરો અને મુસાફરો વચ્ચે માથાકૂટ થઈ હતી. આ કેસમાં બે મહિલા બુટલેગર ટ્રેનમાં દારૂ મૂકીને પોલીસને જોઈને ફરાર થઈ ગઈ હોવાનું સામે આવ્યું છે. એક કેસમાં હેડ કોન્સ. ઘનશ્યામભાઈ કનુભાઈએ કોચ નં.B/05ના કોરિડોરમાંથી કુલ નંગ-96 અલગ-અલગ બ્રાન્ડની સીલબંધ નાની-મોટી કાચની બોટલો કિંમત રૂ.11,380 કબજે કરી હતી. બીજા કેસમાં હેડ કોન્સ. મહેશભાઈ પોપટભાઈએ કોચ નં.B/01ના કોરિડોરમાંથી નંગ-96 બોટલો જપ્ત કરી હતી. બંને કેસમાં આરોપી મળ્યા નથી, એટલે કે મહિલા બુટલેગરો હાથમાંથી છટકી ગઈ હતી. પોલીસે ગણેશ પાટીલ પાસેથી સૌથી મોટો જથ્થો નંગ-274 (48 લિટર 320 ML) કિંમત રૂ.16,166નો 8PM બ્લ્યુ વ્હસ્કીનો જથ્થો, રવી ચોગલે પાસેથી નંગ-194 બોટલો અને રાજાબાબુ પાલ પાસેથી નંગ-140 બોટલો મળી કુલ 700થી વધુ બોટલો જપ્ત કરાઈ છે. પોલીસે તમામ વિરુદ્ધ ગુનો દાખલ કરીને મહિલા ગેંગને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ફિટનેસ સર્ટિ. રિન્યુન હોય તો પણ સુગરકેન હાર્વેસ્ટરનો વીમા ક્લેઈમ ચૂકવવો પડશે

**ચલથાણ** ખાંડ ઉદ્યોગ મંડળીને રૂ.૫૯.૫૧ લાખ વ્યાજ સાથે ચૂકવવા વીમા કંપનીને રાજ્ય ગ્રાહક કમિશનનો હુકમ



સુરતઃ સુગરકેન હાર્વેસ્ટર (સાકર કાપવાનું મશીન) એ ખેતીકામ માટેનું 'સ્પેશિયલ પર્પઝ વ્હીકલ' છે, ટ્રાન્સપોર્ટ વાહન નથી. આથી ફિટનેસ સર્ટિફિકેટ (Certificate of Periodical Inspection- CPI) ની મુદત પૂરી થઈ ગઈ હોય તો પણ વીમા કંપની ક્લેઈમ નામંજૂર કરી શકે નહીં તેમ ઠરાવી ચલથાણ ખાંડ ઉદ્યોગ મંડળીને રૂપિયા ૫૯.૫૧ લાખ વ્યાજ સાથે ચૂકવવા વીમા કંપનીને ગુજરાત રાજ્ય ગ્રાહક કમિશને હુકમ કર્યો હતો.

ચલથાણ ખાંડ ઉદ્યોગ મંડળીએ 'ન્યૂ હોલેન્ડ' કંપનીનું હાર્વેસ્ટર ખરીદી ૭૯.૩૫ લાખનો વીમો લીધો હતો. ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ ખેતરમાં કામ કરતી વખતે અચાનક આગ લાગતાં હાર્વેસ્ટર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયું હતું. આ અંગે મશીનરી રિપેરિંગનો ખર્ચ ખરીદી કરતાં વધતો હોવાથી ટોટલ લોસ તરીકે ચલથાણ સુગરે વીમા કંપનીમાં ક્લેઈમ કર્યો હતો.

વીમા કંપનીએ સરવે કરાવ્યા બાદ પણ લાંબો સમય સુધી ક્લેઈમ સેટલ કર્યો ન હતો. 23 મહિના પછી કંપનીએ અકસ્માત સમયે હાર્વેસ્ટરનું RTO ફિટનેસ સર્ટિફિકેટ (CPI) રિન્યૂ થયેલું ન હોવાનું જણાવી ક્લેમ નામંજૂર કર્યો હતો.

જેથી મંડળીએ સ્ટેટ કમિશનમાં ફરિયાદ દાખલ કરી હતી. આ ફરિયાદની સુનાવણીમાં ચલથાણ ખાંડ મંડળી તરફથી એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી એ. દેસાઈ અને ઈશાન એસ. દેસાઈએ રજૂઆત કરી હતી કે કાનૂની જોગવાઈ મુજબ કૃષિ હેતુ માટે વપરાતા આવા મશીનો માટે CPIની શરત ભંગ થવી એ પોલિસીની શરતોનો કોઈ ગંભીર કે મૂળભૂત ભંગ ગણાતો નથી. સ્ટેટ કમિશને ફરિયાદ પક્ષની રજૂઆત ગ્રાહ્ય રાખી ચલથાણ ખાંડ ઉદ્યોગ મંડળીની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. એડવોકેટ શ્રેયશ દેસાઈનાં જણાવ્યાં મુજબ આ ચુકાદાથી રાજ્યભરના ખેડૂતો, ખાંડ ઉદ્યોગ મંડળીઓ અને એગ્રીકલ્ચરલ મશીનરી ધરાવતી સહકારી મંડળીઓને મોટી રાહત મળશે.



### GPCBની પહેલને ધારાસભ્ય મુકેશ પટેલનું પ્રોત્સાહન

# શ્રાવણમાં સિદ્ધનાથ મહાદેવ મંદિર બનશે 'પ્લાસ્ટિકમુક્ત'

સુરત : પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ધાર્મિક સ્થળોની સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીને પ્રોત્સાહન આપવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા હાથ ધરાયેલા 'સ્વચ્છ તીર્થસ્થાન' અભિયાનને સિદ્ધનાથ મહાદેવ મંદિર ખાતે વધુ વેગ આપવામાં આવ્યો છે. ધારાસભ્ય મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં મંદિર પરિસરને સ્વચ્છ, પ્લાસ્ટિકમુક્ત અને પર્યાવરણને અનુકૂળ બનાવવાના સંકલ્પ સાથે વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી હતી. મંદિર પરિસરમાં ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ્સની ઓળખ કરી સઘન સફાઈ કરવામાં આવી હતી. જ્યાં કચરો ઠલવાતો હતો તે સ્થળને સ્વચ્છ રાખવા માટે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. જનજાગૃતિ કાર્યક્રમમાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલે સિંગલ યુઝ પ્લાસ્ટિકના વધતા ઉપયોગથી પર્યાવરણને થતા નુકસાન અંગે લોકોને સમજ આપી હતી. સામાન્ય નાગરિકોને કોટન બેગ અને મંદિર પરિસરના વેપારીઓને બાયો-કમ્પોસ્ટેબલ બેગનું વિતરણ કરાયું હતું. અંતે સામૂહિક સંકલ્પ લીધો હતો.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**વેલ્ડર જોઈએ**
(પગાર- 1,000 રોજના) 3/4 વેલ્ડર જોઈએ છે. એન્થમ સર્કલ, કોસમાડા- સુરત. 9913711397 (279)

**જોઈએ છે.**
લાલ દરવાજા વિસ્તારમાં લેસ/બોર્ડર પેકિંગ કામ માટે માણસો. ઉંમર 20-50 વર્ષ. મો. 9879735198

**જોઈએ છે.**
મહેનતું. પગાર 12000/- . એકટીવા ધરાવનાર 15000/-, 18000/-. વિનોદ રેડિયો. 9374711161

**જોઈએ વરાછા**
બરોડા પ્રિસ્ટેજમાં ઈમિટેશન દુકાનમાં પેકીંગકામ માટે 5 બેહનો સમયઃ સવારે 9થી સાંજે 7. પગારઃ 8000થી 10000. 9909985285.

**જોઈએ છે**
સેલ્સમેન / સેલ્સગર્લ. ઉજ્જવળ કારકિર્દી માટે બેસ્ટ ઓપોરચ્યુનિટી, બાયોડેટા અને ફોટા સાથે આજે જ એપ્લાય કરો. ખુશાલભાઈ જ્વેલર્સ. સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. અંબિકાનિકેતન બસ સ્ટોલ સામે, પાર્લે પોઈન્ટ, સુરત. MO. 8160859341

**જોઈએ છે**
2 બેન રસોઈમાં કામ કરી શકે તેવી રહેવાનું, ખાવાની સગવડ સાથે. Mo:- 9737255166

વાહન લે-વેચ

**જુના બંધ હાલતમાં**
બાઈક, સ્કૂટી, કાર, ટેમ્પો, રિક્ષા વાહનો વેચવા માટે સંપર્ક કરો. 6351459536, 6358258722

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**કંપનની સાદી,**
એલ્યુમિનિયમની જમ્પર ગીયર ડિસ્કબ્રેકવાળી તેમજ બેટરીવાળી સાયકલો વ્યાજબીભાવે ખરીદો. ડીલરઃ સ્વામીનારાયણ સાયકલ, ઝુંડાશેરી, સગરામપુરા. 9974094855

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડે**
દિવાળીના પ્રવાસો, કાશ્મીર- દિવસ- ૭, RS:- 18,999/- દાર્જીલીંગ, ગેંગટોક, પેલીંગ દિવસ- ૭, Rs- 20,999/- (પેકેજ માટે મળો) Mo- 9427803273/ 9825142005 (બુકીંગની છેલ્લી તારીખ- 16/09/2026)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ. ચારધામ યાત્રા- બદ્રીનાથ, કેદારનાથ, યન્મોત્રી, ગંગૌત્રી, હરિદ્વાર (49મો પ્રવાસ), તારીખ- 09/09, 10/10, દિવસ- 15/16. (ચોક્કસ ઉપડશે) સંપૂર્ણ સગવડતા સહિત. મળો- દિપકભાઈ બોડીવાલા- 9825144143, કીશનભાઈ- 9898700934

**ચાલો કેરાલા**
જાણીતું અને માનીતું નામ કિંજલ શાહ આયોજીત સુવ્યવસ્થિત વિવિધ ટુર પેકેજ (દિવાળી- કેરાલા/ કાશ્મીર/ ગોવા) (જાન્યુઆરી- કચ્છ રણોત્સવ સિવાય વારાણસી અયોધ્યા/ સોમનાથ- દ્વારકા) વધુ જાણકારી માટે સંપર્ક કિંજલ શાહ. JOY ENJOY TRAVEL PLANNER. અઠવાગેટ, સુરત. 9426157371.

**JOY N JOY TRAVELS**
રોયલ ભુતાન 3 સ્ટાર પ્રિમીયમ હોટલો બ્રેકફાસ્ટ- ડીનર/ જેપેનીઝ કોસ્ટર દ્વારા પ્રવાસનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. દિવસ- 08, તારીખઃ- 12 નવેમ્બર (9 સીટ બાકી) બજેટ અનુસાર અન્ય પેકેજો માટે સંપર્ક કરો. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. 9429507723

**30 વર્ષના અનુભવી**
જૂના જાણીતા રાજુમોદીના દિવાળી પ્રવાસો. (કેરેલા, કન્યાકુમારી, રામેશ્વર, કોડાયકેનાલ,અદ્રપલ્લી) (કાશ્મીર, વૈષ્ણોદેવી, અમૃતસર, પટનીટોપ) (શિમલા, મનાલી, ડેલહાઉસી, અમૃતસર) 9 નવેમ્બર, દિવસ 13, સુરતથી સુરત. 9374512979 (5 સપ્ટેમ્બર પહેલા બુકિંગ કરાવી રેલવે ટિકિટ ફ્રી મેળવો.) (284)

મિલ્કત ભાડેથી

**જગ્યા ભાડે આપવાની**
છે. ગ્રાઉન્ડ + ૨ ફ્લોર આશરે ૨૧૦૦ સ્કેવર ફૂટ રંગઉપવનની પાછળ, કોંગ્રેસ ઓફિસની બાજુમાં, નાનપુરા મક્કાઈપુલ સુરત. મો. ૮૮૬૬૨૭૬૦૩૨, ૯૩૨૭૫૫૨૬૧૯ (285)

મિલ્કત વેચવાની છે

**સુરત સ્ટેશન વિસ્તારમાં**
ગેસ્ટ હાઉસ હોસ્પિટલ માટે મોકાની જગ્યા પ્લાન પાસ વેચાણથી લેવા માટે રૂબરૂ મળવું..અલીઅસગરભાઈ +91 99247 54529

**વેચવાનો છે**
4800 વારનો પ્લોટ, ડામર રોડટચ નવા કોસ્ટલ હાઈવે પાસે, ફ્રી હોલ્ડ પ્લોટ પ્લોટમાં કઈપણ બાંધકામ કરી શકો, સુડા અને કોર્પોરેશન લિમિટની બહાર, વેલુક ગામ પછી, જહાંગીરપુરા- દાંડીરોડ, M.: 9898076797

**પરશુરામ ગાર્ડન**
151 વારનો પ્લોટ વેચવાનો છે દલાલ માફ. 9601662923

**અડાજણ 2 BHK**
ફ્લેટ વેચવાનો. ગંગેશ્વર મહાદેવ મંદિર, SMC લાઈબ્રેરી પાસે. 9879397732

**વેચવાના છે**
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો, નવા પ્રોજેક્ટમાં 42 ફૂટ X 125 ફૂટના (584 વારના) NA પ્લાન પાસ, કમ્પાઉન્ડ વોલ, રોડ, સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ વિગેરે સુવિધાઓ કરીને, 08 મહિનાના સરળ હપ્તેથી. પલસાણા બારડોલી હાઈવેરોડ પાસે M.: 9898076797

**રનીંગ ફેક્ટરી વેચવાની**
છે, પહેલે દિવસથી કમાઈ કરો, દમણમાં પ્લાસ્ટિક એલ. ડી. ઝભલા કીરાણા બેગ બનાવવાની ફેક્ટરી, પાવર જગ્યા સાથે/ વગર, વેચવાની છે, કોન્ટેક્ટઃ 7303155545 વસંતભાઈ

**ડીકે પાર્ક ભટાર રોડ**
ટચ G+1 ફ્લેટ વેચવાનો છે (9925162067) દલાલ માફ (283)

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામઃ કાળા વ્યારા કણજા. MO: 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO 9687580001

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામઃ તેના MO. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે નેત્રંગ Mo: 9687580001

**2 BHK ફ્લેટ**
વેચવાનો છે. રાજહંસ કેમ્પસ, પાલમાં. WhatsApp 9978936979

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.